અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યોને
ખરાઈ પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા.

ગુજરાત સરકાર

મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ,
ઠરાવ નં. ક્રમાંક : પવટ-૩૪૭૬/૬૫૪૧-જ-૧ : સેલ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧/૧૧/૧૯૭૬

વંચાણમાં લીધા :- શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૨૪-૧૨-૧૯૭૨નો ઠરાવ ક્રમાંક : બીસીઈ-૩૪૭૧-જે સેલ : ૫૦૨૩ - : સીઃ

ઠરાવ :-

શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૪-૧૨-૧૯૭૧ના ઉપરોક્ત ઠરાવના પરિશિષ્ટ ૭ થી અનુસૂચિત જાતિ/જન જાતિનો હક દાવા અંગે ખરાઈ-પ્રમાણપત્ર આપવા માટે જે અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. તેમાં ક્રમ ૬ પછી નીચે મુજબના અધિકારીઓનો ઉમેરો કરવો.

'' ક્રમાંક :- ૭ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,''

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે.

ત્ર. હ. ઓઝા
ખાસ ફરજ પરના અધિકારી અને નાયબ સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ.

પ્રતિ,

સચિવાલયના દરેક વિભાગો,

સચિવાલયના હસ્તકના દરેક ખાતાના અને કચેરીઓના વડાઓ,

દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,

મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની દરેક શાખાઓ,